18718 ૮૨૭

PR. C. C. F. & H. O. F. F.
G. S. GANDHINAGAR
2022
INWARD NO. 659
BRANCH

દિવ્યાંગતા અધિનિયમ-૨૦૧૬ હેઠળ દિવ્યાંગતા ધરાવતી વ્યકિતઓ માટે મદદનીશ વન સંરક્ષક (વર્ગ-૨), પરિક્ષેત્ર વન અધિકારી(વર્ગ-૨), વનપાલ(વર્ગ-૩), વનરક્ષક(વર્ગ-૩), પરિક્ષેત્ર વન અધિકારી (સર્વે) (વર્ગ-૩) તથા સર્વેયર(વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓમાં વિકલાંગતા અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મહક/૧૮૦૯/૯૨૫/ક-૨
સચિવાલય, ગાંધીનગર,
તા. ૦૪/૦૭/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૨૦૦૦/જી.ઓ.આઈ.૭/ગ.૨

(૨) વન અને પર્યાવરણ વિભાગના તા.૨૭/૦૮/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:- મહક/૧૮૦૯/૯૨૫/ક-૨

(૩) વન અને પર્યાવરણ વિભાગ વિભાગના તા.૨૪/૦૮/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:- પરચ/૧૦૦૭/૭૪૫(૪૭૬)/ક

(૪) ભારત સરકારના તા.૨૮/૧૨/૨૦૧૬નો The Rights of Persons With Disabilities Act,2016.

(૫) મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ & પેન્શન, ડિ.ઓ.પી.ટી. ભારત સરકારનો તા.૧૫/૦૧/૨૦૧૮નો કાર્યાલય આદેશ ક્રમાંક:૩૬૦૩૫/૦૨/૨૦૧૭-ઈએસટીટી(આઈએસ)

(૬) ભારત સરકારનું તા.૦૪/૦૧/૨૦૨૧નું જાહેરનામું.

(૭) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પેટા તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

<u>પ્રસ્તાવના:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) અને (૩) ઉપરના ઠરાવથી રાજ્ય સરકારના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી સાથે સંકળાયેલ વિવિધ સંવર્ગોમાં વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી સેવામાં સીધી ભરતીથી નિમણૂકની પ્રકિયામાં વિકલાંગ ધારો-૧૯૯૫ની કલમ-૨૨ હેઠળ સીધી ભરતીના કિસ્સામાં ૩ % અનામત રાખવામાંથી મુકિત સંદર્ભે જરૂરી સૂચનો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

The Rights of Persons With Disabilities Act,2016 અમલમાં આવતા ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૫) ઉપરના કાર્યાલય આદેશથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનોની માટે ૪% (ટકા) જગ્યાઓની અનામત રાખવા અંગેની સૂચના પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેના અનુસંધાને The Rights of Persons With Disabilities Act,2016ની કલમ-૨(આર) હેઠળ કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ દિવ્યાંગજનો માટે સદર એક્ટની કલમ-૩૪માં દર્શાવ્યાનુસાર રાજ્ય સરકારની સેવાઓ/જગ્યાઓમાં દિવ્યાંગો માટે અનામતને લગતી સૂચના વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રીના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી સાથે સંકળાયેલ વર્ગ-૨ અને વર્ગ-૩ ના અધિકારી/કર્મચારી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનોની માટે ૪% (ટકા) જગ્યાઓની અનામત રાખવા સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પેટા તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વંચાણે લીધા ક્રમાંક: (૮)ની કાર્યવાહી નોંધ મુજબ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરીના અધિકારી/કર્મચારી સીધી ભરતી માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવામાં આવેલ છે.

**-:ઠરાવ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પેટા તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી હસ્તકના મદદનીશ વન સંરક્ષક (વર્ગ-૨), પરિક્ષેત્ર વન અધિકારી (વર્ગ-૨), વનપાલ(વર્ગ-3), વનરક્ષક(વર્ગ-3), પરિક્ષેત્ર વન અધિકારી (સર્વે) (વર્ગ-3) તથા સર્વેયર(વર્ગ-3) સંવર્ગ માટે સીધી ભરતી માટે દિવ્યાંગતા નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D& E |
| ૧ | મદદનીશ વન સંરક્ષક (વર્ગ-૨) | ૨ | ૧૩૦ | – | - | LC, AAV | - |
| ૨ | પરિક્ષેત્ર વન અધિકારી (વર્ગ-૨) | ૨ | ૫૨૦ | – | - | LC, AAV | - |
| 3 | વનપાલ(વર્ગ-3) | 3 | ૧૭૬૮ | – | - | LC, AAV | - |
| ૪ | વનરક્ષક(વર્ગ-3) | 3 | 3૯૦૫ | – | - | LC,AAV, | - |
| ૫ | પરિક્ષેત્ર વન અધિકારી (સર્વે) (વર્ગ-3) | 3 | ૨૯ | – | | LC, AAV | - |
| ૬ | સર્વેયર(વર્ગ-3) | 3 | ૧૪૪ | - | | LC, AAV | - |

Code and functional classification:-

Blind (B), [Low vision (LV) (40-70%)],Deaf (D), [Hard of hearing (HH) (40-70%)], [ Locomotor disability (LD) :- OA (One arm), OL (One Leg), BA (both arm), , BL (Both leg), OAL (One arm One leg),BLA (both legs and arms), BLOA( both legs and one arm),OABL (one arm and both legs),BAOL(both arm one leg], Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim (AAV),Muscular dystrophy (MDy), Intellectual disability (ID), Specific learning disability (SLD),Mental illness(MI),[Autism Spectrum Disorder (ASD)M-Mild,MoD- Moderate], [Multiple Disabilities(MD):- (Disability included in group(A) TO (D) )(40-70%)]

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રકાશ મજમુદાર)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

**પ્રતિ**

- માન.મંત્રીશ્રી (વન), સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(વન), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફૉરેસ્ટ ફોર્સ, અરણ્ય ભવન,સેક્ટર-૧૦(એ), ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.